દિવ્યાંગજનો(વિકલાંગ વ્યક્તિઓ)ના અધિકાર અધિનિયમ ૨૦૧૬ હેઠળ રાજયમાં બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને હાઇ સપોર્ટ નીડ અંગેના પ્રમાણપત્ર આપવા એસેસમેન્ટ બોર્ડની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:હસપ-૧૦૨૦૦૨-જીઓઆઇ-૩૬-અ(ભાગ-૨),
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૮/૦૬/૨૦૨૦

વંચાણમાં લીધા:-

(૧) ભારત સરકારના ન્યાય અને કાયદા વિભાગ(વૈધાનિક બાબત)ના ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસએબિલીટીઝ એકટ-૨૦૧૬ના તા. ૨૮/૧૨/૨૦૧૬ના નોટિફિકેશન

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ઠરાવ ક્રમાંક હસપ-૧૦૨૦૦૨-જીઓઆઇ-૩૬-અ તા.૪/૧૨/૨૦૧૯

(૩) ભારત સરકારના સામાજીક ન્યાય અધિકારીતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગના તા.૮/૩/૧૯ના નોટીફીકેશન

(૪) નામ.સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન(C) નં.૧૧૬/૧૯૯૮ અને સિવિલ અપીલ નં.૧૧૯૩૮/૨૦૧૬ જસ્ટીસ સુનંદા ભંડારે વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્યના ચુકાદો

પ્રસ્તાવના:-

ભારત સરકારના સામાજીક ન્યાય અધિકારીતા મંત્રાલય દ્વારા અમલી બનાવાયેલ પર્સન્સ વીથ ડીસએબીલીટી એક્ટ-૧૯૯૫ અંતર્ગત વિકલાંગ વ્યક્તિ (સમાન તક, અધિકાર સંરક્ષણ અને સંપુર્ણ ભાગીદારી) એમેન્ડમેન્ટ રૂલ્સ ૧૯૯૬ અને એમેન્ડમેન્ટ રૂલ્સ ૨૦૦૯ને રદ કરી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસએબીલીટીઝ ૨૦૧૬નો નવો કાયદો અમલી બનાવાયેલ છે .

વંચાણે લીધેલ ક્રમ-૩ પરના ભારત સરકારના નોટિફિકેશનથી થયેલ જોગવાઇઓ મુજબ રાજયમાં શારીરિક/માનસિક/અન્ય ક્ષતિ ધરાવતા વ્યક્તિઓને હાઇ સપોર્ટ નીડ અંગેના પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થા કરવાની થાય છે. આથી ક્રમાંક ૩

અને ૪ ની જોગવાઇ અનુસાર પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ માટે હાઇ સપોર્ટ નીડના એસેસમેન્ટ અને પ્રમાણપત્ર માટે નીચે મુજબના વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

ઠ રા વ:-

(૧) હાઇ સપોર્ટ નીડના એસેસમેન્ટ અને પ્રમાણપત્ર માટે જીલ્લા એસેસમેન્ટ બોર્ડની રચના કરવા બાબત

રાજ્યમાં બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ માટે હાઇ સપોર્ટ નીડના એસેસમેન્ટ અને પ્રમાણપત્ર માટે નીચે મુજબ જીલ્લા કક્ષાએ એસેસમેન્ટ બોર્ડની રચના કરવામાં આવે છે.

| ક્રમ નં. | હોદ્દાની રૂએ | |
|---|---|---|
| ૧. | મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જનશ્રી અથવા તબીબી અધિક્ષકશ્રી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ | અધ્યક્ષ |
| ૨. | જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી | સભ્ય |
| ૩. | ઓર્થોપેડીક સર્જન, ઇ.એન.ટી સર્જન, ઓપ્થલ્મિક સર્જન,સાઇકીયાટ્રીસ્ટ અને જનરલ ફીઝીશીયન અથવા બાળ રોગ નિષ્ણાત(અઢાર વર્ષથી નીચેના દિવ્યાંગજન માટે) | સભ્ય |
| ૪. | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ અથવા સ્પીચ થેરાપીસ્ટ અથવા ક્લીનીકલ સાયકોલોજીસ્ટ અથવા ફીઝીયોથેરાપીસ્ટ (જરૂરીયાત મુજબ) | સભ્ય |
| ૫. | અધ્યક્ષશ્રીને જરૂરીયાત મુજબ અન્ય નિષ્ણાંત | સભ્ય |

(૨ ) ઉપર જાહેર કરેલ એસેસમેન્ટ બોર્ડ ખાતે સ્પેશ્યાલીસ્ટની કે સાધનો કે ટેસ્ટીંગ ન હોય તો જે તે જીલ્લા એસેસમેન્ટ બોર્ડના અધ્યક્ષ નિવૃત્ત સ્પેશ્યાલીસ્ટ ડોકટર કે ખાનગી સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર કે જે સ્થાનિક કે નજીક પ્રેક્ટીસ કરતા હોય અને જરૂરી લાયકાત ધરાવતા હોય તેમની સેવા આઉટસોર્સથી લઇ શકાશે. તેજ રીતે જે તે હોસ્પિટલ ખાતે ટેસ્ટીંગ ફેસેલીટી કે સાધનો ઉપલબ્ધ ન હોય તો જે તે હોસ્પિટલના વડા ખાનગી/ટ્રસ્ટની હોસ્પિટલના ટેસ્ટીંગ ફેસેલીટી કે સાધનોનો ઉપયોગ આઉટસોર્સીંગથી આ અંગે કમિશ્નરશ્રી આરોગ્યના પરામર્શમાં રહી જે તે હોસ્પિટલના વડાએ આઉટસોર્સીંગથી સવલત ઉભી કરવાની રહેશે.

(૩) જયારે આ ખાનગી તજજ્ઞ સેવાઓ લેવામાં આવી હોય ત્યારે, આવા ખાનગી તજજ્ઞની સહીથી અપાયેલ પ્રમાણપત્ર પર જે જનરલ હોસ્પિટલના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી/મેડીકલ કોલેજ સલંગ્ન હોસ્પિટલના તબીબી અધિક્ષકની પ્રતિ સહી કરેલ હશે તો જ પ્રમાણપત્ર માન્ય ગણાશે.

(૪) બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ માટે હાઇ સપોર્ટ નીડના એસેસમેન્ટ માટે અરજી અને વિકલાંગતા પ્રમાણપત્ર આપવા અંગે.

(૧) બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ માટે હાઇ સપોર્ટ નીડના એસેસમેન્ટ અને પ્રમાણપત્ર મેળવવા સંબંધિત અરજદારે પોતાની દિવ્યાંગતાના પ્રકાર મુજબ નક્કી થયેલ, પોતે જયાં રહેતા હોય તે જિલ્લામાં નજીકની મેડીકલ ઓથોરીટી સમક્ષ અરજી કરવાની રહેશે. અરજદારે અરજી સાથે નીચે મુજબના દાખલા/પુરાવા રજુ કરવાના રહેશે.

(૧) રહેઠાણ અંગેનો માન્ય દાખલો
(૨) તાજેતરના પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ-૨

પરંતુ દિવ્યાંગ વ્યક્તિ સગીર હોય અથવા મંદબુધ્ધિ અથવા બીજી કોઇ એવી વિકલાંગતાથી પિડાતી હોય, જેને લીધે તે આવી અરજી કરવા સક્ષમ ન હોય અથવા જાતે કરી શકે નહિ તો, તેના કાનુની વાલી તેના વતી અરજી કરી શકશે.

(૨) બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ માટે હાઇ સપોર્ટ નીડના એસેસમેન્ટ અને પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી મળ્યેથી, અરજદાર વિકલાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ ૨૦૧૬ની જોગવાઇ મુજબની વિકલાંગતા ધરાવતા હોવાની ખાતરી કર્યા બાદ, મેડીકલ ઓથોરીટી અરજી મળ્યાની તારીખથી સામાન્ય સંજોગોમાં ૨ અઠવાડિયામાં પ્રમાણપત્ર આપશે.પરંતુ કોઇ પણ સંજોગોમાં પ્રમાણપત્ર આપવામાં ૧ માસથી વધારે સમય લઇ શકશે નહી.

(૩) જિલ્લાના મુખ્ય તબીબી અધિકારી સિવાયના અન્ય મેડીકલ ઓથોરીટીએ આપવામાં આવેલ વિકલાંગતા પ્રમાણપત્રની નકલ જિલ્લાના મુખ્ય તબીબી અધિકારીને પણ સાથોસાથ મોકલવાની રહેશે.

બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ માટે હાઇ સપોર્ટ નીડના એસેસમેન્ટ અને પ્રમાણપત્ર માટે એસેસેમેંટ બોર્ડ દ્વારા નીચે મુજબના ૬(છ)

પેરામીટરનું મુલ્યાંકન કરી કુલ ૧૦૦ માંથી ગ્રેડ આપવાના રહેશે.એસેસમેંટ માટેના ૬(છ) પેરામીટર અને તેનુ મુલ્યાંકન નીચે મુજબ કરવાનુ રહેશે.

| **Parameters** | | **Weightage** |
|---|---|---|
| (a) Severity of physical disability<br><br>(Max. weightage – 25) | (a) 40% - 59%<br>(b) 60% - 79%<br>(c) 80% - 100% | 15<br>20<br>25 |
| (b)Severity of mental/developmental disability (which restricts the person to take any informed decision)<br>(Max. weightage – 25) | (a) 40% - 59%<br>(b) 60% - 79%<br>(c) 80% - 100% | 15<br>20<br>25 |
| (c)The extent to which daily activities in a person is hampered<br><br>(Max. weightage – 35) | (i)Bathing,Brushing,combing, Dressing<br>(ii)Toilet hygiene (getting to the toilet,cleaning oneself, getting backup etc)<br>(iii)Functional mobility (ability to work, get in and out of bed, get in and out of a chair, moving from one place to other while performing activities)<br>(iv)Self-feeding(not including cooking) | 10<br>10<br>10<br>5 |
| (d)Cognitive Abilities like ability to take safety measures to use transport, logistics, gadgets, not to get lost<br>(Max. weightage – 5) | - | 5 |
| (e)Environmental Barriers like access to health care or support systems for rehabilitation or health needs<br>(Max. weightage – 5) | - | 5 |
| (f) Socio-economic status<br><br>(Max. weightage – 5) | APL<br>BPL | 0<br>5 |
| Total | | 100 |

અસેસમેંટ બોર્ડ દ્વારા બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ માટે હાઇ સપોર્ટ નીડના એસેસમેન્ટ કરી પોતાની ભલામણ હાઇ સપોર્ટ નીડ માટે કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઈ.ડી.ચૌધરી)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી(પત્ર દ્વારા)
૨ મા. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,
૩. માન. મંત્રીશ્રી/માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી/મા. નાયબ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
૪. અગ્રસચિવશ્રી, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, સચિવાલય ગાંધીનગર
૫. અગ્રસચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ, સચિવાલય ગાંધીનગર
૬. અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગગર
૭. કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી ૫- ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૮. અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ/જાહેર આરોગ્ય/તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
૯. વિભાગીય નાયબ નિયામક, ગાંધીનગર/અમદાવાદ/વડોદરા/રાજકોટ/ભાવનગર/સુરત
૧૦. સર્વે કલેક્ટરશ્રીઓ
૧૧. સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી
૧૨. વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ૧૬, ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૩. સર્વે જિલ્લાના મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રીઓ/મેડીકલ કોલેજ સલંગ્ન હોસ્પિટલ(સરકારી અને જી.એમ.ઇ.આર.એસ.)ના તબીબી અધિક્ષકશ્રીઓ/સરકારી હોસ્પિટલના અધિક્ષકશ્રીઓ/અર્બન અને રૂરલ સામુહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ અને રાજ્યના અર્બન અને રૂરલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ દ્વારા)
૧૪. મેડીકલ કોલેજના ડિનશ્રી(સરકારી અને જી.એમ.ઇ.આર.એસ.) તમામ
૧૫. સર્વે જિલ્લા મુખ્ય તબીબી અધિકારીશ્રીઓ અને જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ
૧૬. નાણાં વિભાગ, (ચ) શાખા સચિવાલય ગાંધીનગર
૧૭. સચિવાલયના સર્વે વિભાગો
૧૮. માહિતી નિયામકશ્રી, ગાંધીનગર
૧૯. વ્યવસ્થાપકશ્રી સરકારી મુદ્રણાલય, ગાંધીનગર(ઠરાવની નકલો છાપવા વિનંતી સહ)
૨૦. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ

૨૧. હિસાબી અને તિજોરી નિયામક, ગાંધીનગર
૨૨. પે એન્ડ એકાઉન્ટ્સ ઓફીસર, ગાંધીનગર/અમદાવાદ
૨૩. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
૨૪. બધા જિલ્લા તિજોરી અધિકારીશ્રી
૨૫. સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર, પત્ર દ્વારા
૨૬. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ, પત્ર દ્વારા
૨૭. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર, પત્ર દ્વારા
૨૮. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇ કોર્ટ, અમદાવાદ, પત્ર દ્વારા
૨૯. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ/સર્વે અધિકારીશ્રીઓ
૩૦. સિલેક્ટ ફાઇલ
૩૨. નાયબ સેક્શન અધિકારી, સિલેક્ટ ફાઇલ